ક્રમાંક : WCDD/ACT/e-file/23/2023/1487/B1 Branch
ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ,
૯/૮ સરદાર ભવન,
સચિવાલય, ગાંધીનગર.

પ્રતિ,

૧. નિયામકશ્રી (આઇસીડીએસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી,બ્લોક:૨૦, ડો. જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર
૨. મ્યુનિસિપલ કમિશ્નરશ્રી (તમામ)
૩. જિલ્લા વિકાસ અધિકારીશ્રી(તમામ)
૪. નાયબ નિયામકશ્રી વિભાગીય (તમામ)
૫. પ્રોગ્રામ અધિકારીશ્રી (તમામ)

**વિષય :** મહિલા અને બાળ વિકાસ વિભાગના તા.૨૫/૧૧/૨૦૧૯ના ઠરાવના મુદ્દા નં.૬.૪ માં વર્ષ ૨૦૨૦ થી વર્ષ ૨૦૨૩ સુધી અગાઉની ભરતીમાં પસંદગી પામેલ લાયકાત ધરાવતા આંગણવાડી તેડાગરને જોબ/ઓરીએન્ટશન તાલીમ બાબતે શરતી છૂટછાટ આપવા બાબત

**સંદર્ભ :** કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરીનો તા.૦૮/૧૧/૨૦૨૩નો પત્રક્રમાંક:ICDS/0193/11/2023

**શ્રીમાન,**

આંગણવાડી કાર્યકર/તેડાગરની પસંદગી માટેના ધોરણો, માનદસેવા સમીક્ષા, શિસ્ત બાબતના નિયમોના મહિલા અને બાળ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંકઃ આઇસીડી/૧૦૨૦૧૯/૧૬૫૨/બ, (પાર્ટ-૨), તા. ૨૫/૧૧/૨૦૧૯ની જોગવાઈ ૬.૪ મુજબ અગ્રતા ધોરણે કાર્યકર તરીકે માનદસેવામાં પસંદગી માટે ૧૦ (દસ) વર્ષ માનદસેવાનો અનુભવ ધરાવતા અરજી કરનાર તેડાગરે પૂર્વ સેવા (ઓરિએનશન) અથવા ઇન્ડક્શન તાલીમ અને આ નિયમો લાગુ થયા તારીખથી આંગણવાડી કાર્યકરની ભરતી માટેની જાહેરાત પ્રસિદ્ધ થયા તારીખ સુધીના પ્રત્યેક બે પૂર્ણ નાણાકિય વર્ષો દીઠ ૧ (એક) રિફ્રેશર તાલીમના ધોરણે તે સંખ્યામાં અથવા કુલ ૫ (પાંચ) પૈકી જે સંખ્યા ઓછી હોય તેટલી રિફ્રેશર તાલીમો સંતોષકારક રીતે પૂર્ણ કરેલ હોવી જોઇએ જે બાબતનું સંબંધિત સીડીપીઓશ્રીનું પ્રમાણપત્ર તેઓએ રજુ કરવાનું નિયત થયેલ છે.

ઉપરોક્ત વિષય અન્વયે સંદર્ભમાં દર્શાવ્યા મુજબના પત્રથી સરકારના ધ્યાને આવેલ હતું કે, વહીવટી કારણોસર આંગણવાડી તેડાગરની વર્ષ ૨૦૨૦ થી ૨૦૨૩ દરમિયાન તાલીમ યોજાયેલ ન હોઇ, આંગણવાડી તેડાગર બહેનોને આંગણવાડી કાર્યકરની પસંદગી પ્રક્રિયામાં અગ્રતા આપવાની પ્રક્રિયામાં અન્યાય ન થાય તેવા હેતુથી સહાનુભુતિપૂર્વક વિચારણા કરી, માત્ર નવેમ્બર-૨૦૨૩ની ભરતી પ્રક્રિયા પૂરતી વિભાગના તા.૨૫/૧૧/૨૦૧૯ના ઠરાવની જોગવાઈ ક્રમાંક ૬.૪માં નીચેની શરતોને આધીન છૂટછાટ ધ્યાને લેવાની રહેશે.

૧) સંબંધિત આંગણવાડી તેડાગરએ વિભાગના તા.૨૫/૧૧/૨૦૧૯ના ઠરાવની જોગવાઈ ક્રમાંક ૬.૪ થી નિયત તાલીમ માત્ર વહીવટી કારણોસર જ લઈ શકેલ ન હોવા બાબતનું પ્રમાણપત્ર સંબંધિત બાળ વિકાસ યોજના અધિકારીનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

૨) ભવિષ્યમાં વિભાગ દ્વારા ઠરાવ અનુસારની તાલીમનું આયોજન કરવામાં આવે અને છૂટછાટ મળેલ ઉમેદવારને આ તાલીમમાં ઉપસ્થિત રહેવા જણાવવામાં આવે તો તેઓએ આ તાલીમ અચૂક લેવાની રહેશે.

3) સંકલીત બાળ વિકાસ સેવાના સુચારુ અમલીકરણ માટે નિયમિત તાલીમ કાર્યક્રમ યોજવામાં આવે એ નિયામકશ્રી (આઇ.સી.ડી.એસ.) કચેરીએ સુનિશ્ચિત કરવાનું રહેશે.

આપનો વિશ્વાસુ

જે.આઇ.લેઉવા

સરકારના ઉપ સચિવ

મહિલા અને બાળ વિકાસ વિભાગ

Signature valid
Signed by:J I Leuva
Under Secretary
Date: 2023.11.23
17:22:43 +05:30